ગાંધીનગર સમાચાર

# ગુડાના સ્થાપના દિવસ નિમિત્તે પખવાડીયુ ઉજવાશે



વસંતોત્સવ - ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં લોકપ્રિય બનેલ સંસ્કૃતિ કુંજનો 'વસંતોત્સવ' સોમવારની સાંજે ઉલ્લાસપૂર્વક આરંભાયો... રાજ્યના અને દેશના અન્ય રાજ્યોના કલાકારોની અભિવ્યક્તિનો અનોખો અવસર સંસ્કૃતિ કુંજના આંગણે સર્જાય છે... વિવિધ પ્રાંતોના પરંપરાગત લોકનૃત્યોની વણઝાર ગાંધીનગર બેઠા - બેઠા નિહાળવા મળે છે... કલાના મીની કુંભ સમા સંસ્કૃતિ કુંજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી પંદર દિવસ ધમધમશે...

## મહેસુલી કચેરીમાં ભ્રષ્ટ વહીવટનો ચિતાર : બે વર્ષમાં ૮૦ ફરિયાદો મળી

ઝડપી અને પારદર્શક વહીવટની ગુલબાંગ વચ્ચે પાટનગરમાં બાબુઓના ભ્રષ્ટ વહીવટથી નાગરિકો તંગ હોવાનુ અનેકવાર ચર્ચાસ્થાને હોય છે. સરકારી કચેરીઓને ભ્રષ્ટાચારનો ભોરિંગ ભરખી ગયો હોવાના કિસ્સાઓ અનેકવાર ધ્યાને આવે છે. નગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં અન્ડર ટેબલ થતા વહીવટની વ્યથા પણ ઘણીવાર આમ નાગરિકો માટે આક્રોશનુ કારણ બને છે. પરંતુ ભ્રષ્ટ વહીવટી પ્રથાથી ટેવાયેલા કેટલાક બાબુઓ આ મામલે બિન્દાસ્ત હોવાનો સુર પણ સમયાંતરે ઉઠતો રહે છે. ખેર એ જે હોય તે પરંતુ મહેસુલી કચેરીમાં પણ ભ્રષ્ટાચાર અંગે કેટલી ફરિયાદો મળી અને આ ફરિયાદો સંદર્ભે શું પગલા લેવાયા ? તે અંગેના કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં જિલ્લા કલેકટર કચેરી ,પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચાર મામલે ૮૦ ફરિયાદો સરકારને મળી છે. જયારે આ મામલે ૫ અરજીઓ દફતરે કરવામાં



**વિધાનસભામાં ગાંધીનગર**

**- ધનંજય જોષી**

આવી હોવાની સાથે ૭૫ કિસ્સામાં તપાસ ચાલુ હોવાનુ પણ પેટા પ્રશ્નના ઉત્તરમાં જણાંવાયુ છે.

**બોગસ ખેડુત બની જમીન ખરીદવાના ૯ કીસ્સામાં ફરિયાદ**

જિલ્લામાં બે વર્ષ દરમિયાન બોગસ ખેડુત ખાતેદાર બની જમીન ખરીદવા અંગેની કેટલી ફરિયાદો થઈ તેવા કલોલના ધારાસભ્યના પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીએ જવાબમાં જણાંવ્યુ હતુ કે આવા કિસ્સામાં ૯ ફરિયાદો મળી હતી. જયારે આ પૈકી ૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. જયારે અન્ય પાંચ કેસમાં ૮૪ સી ની કાર્યવાહી હાથ ધરાઈ છે. વધુમાં બે કેસની સુનાવણી ચાલુ છે. બોનાફાઈડ પરચેઝરનો લાભ પણ બે ખેડુતોને આપવામાં આવ્યો છે.

**જિલ્લાની શાળાઓમાં ૯૯.૧૫ ટકા નામાંકન દર**

ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રારંભિક સ્તરે નામાંકન દર કેટલો તેવો પ્રશ્ન ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલે રજુ કર્યો હતો જેના જવાબમાં શિક્ષણમંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં નામાંકન દર ૯૯.૧૫ ટકા છે. જયારે નામાંકન દર વધારવા માટેની કાર્યવાહી અંગેના પેટાપ્રશ્નના ઉત્તરમાં પણ શિક્ષણમંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લા પંચાયતોની અને નગરપાલિકાની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિનામુલ્યે પાઠ્યપુસ્તકો પુરા પાડવામાં આવે છે.વિદ્યાલય સંકુલની સ્વચ્છતાનો ખ્યાલ રાખી શાળા સંકુલ બાંધવામાં આવે છે. જયારે ડ્રોપ આઉટ થતા બાળકોને શાળા બહારના વર્ગોમાં મેઈન સ્ટ્રીમ કરવામાં આવે છે.બહારના બાળકોને ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવે છે. પ્રાથમિક શાળાના બાળકોને વિનામુલ્યે ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જયારે ૩૫ ટકાથી ઓછો

● અનુસંધાન પાન-૭ પર

## મહિલા સરપંચોને હોસ્ટેલ્સમાં રખાશે

### કોબા-પેથાપુર નજીકની હોસ્ટેલ્સની કરાયેલી પસંદગી : મહિલા સરપંચો જિલ્લાના ૧૨ ગામની મુલાકાતે પણ જશે

ગાંધીનગર, તા. ૨૭

૮મી માર્ચે મહાત્મા મંદિર ખાતે વિશ્વ મહિલા દિવસની રાષ્ટ્રીય શિબિરમાં ભાગ લેવા આવનાર મહિલા સરપંચોને હોસ્ટેલ્સમાં રાખવામાં આવશે.

પરીક્ષાનો માહોલ હોવા છતાં જિલ્લાતંત્ર દ્વારા આ હોસ્ટેલ્સની સુવિધા મેળવવામાં સફળ થયેલ છે. કોબા, પેથાપુર નજીકની હોસ્ટેલ્સમાં જ ૧૨૦૦થી વધુ મહિલા સરપંચોના નિવાસની વ્યવસ્થા કરવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા ૧૨ જેટલા ગામોની પસંદગી કરવામાં આવી છે જ્યાં વિકાસના નમૂનારૂપ કામો થયા છે. આ માટે ૧૫ જેટલા લાયઝન અધિકારીઓની પણ નિમણુંક કરી દેવામાં આવી છે.

જિલ્લા તંત્ર દ્વારા પણ ગ્રામીણ વિકાસના કામો બતાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારના પ્રવાસ માટેની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જિલ્લાના ચારેય તાલુકામાંથી આ ગામોની પસંદગી કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

મહિલા સરપંચ સંમેલનના ઉદઘાટન માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવવાના હોવાથી પોલીસ તંત્ર અને વહીવટી તંત્ર દ્વારા ઝીણવટભર્યું આયોજન હાથ ધરાયું છે. મહાત્મા મંદિર અને આસપાસના વિસ્તારમાં સ્વચ્છતા અને સલામતિના વિવિધ પગલાઓનું આયોજન થયું છે અને અમલીકરણ માટે બેઠકોનો દોર આરંભાયો છે.

## બટાટાના વિક્રમી ઉત્પાદનના અંદાજોને પગલે સમસ્યાના નિરાકરણ માટે સમિતિ

### આજની બેઠકમાં મીનીમમ સેસ પ્રાઈઝ નિયત કરવા, ટ્રાન્સપોર્ટ સહાયની વર્તમાન નીતિમાં સુધારો કરવા તેમજ નાના અને સીમાંત ખેડૂતોને વાવેતર પર સબસીડીનો વિચાર રજુ કરતા સૂચનો થયા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં બટાટાના વિક્રમી ઉત્પાદનને લઈ ઉભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે જિલ્લાકક્ષાએ એક ઉચ્ચસ્તરીય સમિતિની રચના તાત્કાલિક કરવામાં આવશે. આ સમિતિ સરકારને તે અંગે અભ્યાસ કરી પોતાનો અહેવાલ પણ મોકલશે.

જિલ્લા કલેકટર સતીસ પટેલના અધ્યક્ષ સ્થાને આજે કોલ્ડ સ્ટોરેજ સંચાલકો સાથેની બેઠકમાં બટાટાના ઉત્પાદનને લઈ વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી. જેમાં પાંચેક સૂચનો મળ્યા હતા.

આજની આ બેઠકમાં મીનીમમ સેસ પ્રાઈઝ તાત્કાલિક અસરથી જાહેર કરવા, નાના અને સીમાંત ખેડૂતોને સીધી વાવેતર સબસીડી આપવા, હાલની ટ્રાન્સપોર્ટ સબસીડીમાં સુધારો કરવા સહિતની બાબતોને લઈ સૂચનો થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના સ્થાપના દિવસ નિમિત્તે પખવાડીયુ ઉજવાશે

### ગુડા વિસ્તારમાં પાણી ,ગટર રસ્તા અને એલ ઇ ડી લાઇટ સહીતના કામો હાથ ધરાશે : ગ્રીન સીટી અને ક્લીન સીટીના કન્સેપ્ટને વેગ આપવાની સાથે માળખાગત સુવિધાના કામો હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૭

ગુડા ૨૧ માં સ્થાપના દિવસ નિમિત્તે વિકાસ કામોનુ પખવાડીયુ ઉજવશે. ગુડા દ્વારા આ દરમિયાન વિવિધ વિકાસ કામોનુ લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરવામાં આવશે. આગામી તા ૧૨ માર્ચના રોજ ગુડાના સ્થાપના દિવસન ધ્યાને રાખી શહેરી વિકાસ સત્તા મંડળ જુદા જુદા ટી પી વિસ્તારમાં રસ્તા પાણી અને લાઈટના કામો હાથ ધરશે. વિકાસ પખવાડીયાની ઉજવણી અન્વયે કરોડો રૂપિયાના કામો હાથ ધરાશે. ગુડા દ્વારા શહેર આસપાસના વિસ્તારોમાં વિકાસ કામોની સાથે માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે પણ નવતર આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શેહર તેમજ આસાપાસના વિસ્તારોમાં વિકાસના અનેકવિધ આયામો વચ્ચે નવતર કામો હાથ ધરવામાં આવે છે. ૧૨ માર્ચ વર્ષ ૧૯૯૬ના રોજ શહેરી વિકાસ સત્તા મંડળ અસ્તિત્વમાં આવ્યા બાદ ટી પી વિસ્તારોમાં ગ્રીન સીટી અને કલીનસીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે તબક્કાવાર વિકાસ કામો હાથ ધરવામાં આવે છે. ગુડા વિસ્તારમાં આવાસો ,બગીચા ,રસ્તાઓ ગટરલાઈન સ્ટ્રીટ લાઈટ તેમજ પાણી સહીતની જરૂરી સુવિધાઓ ઉભી કરવા માટે તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહયુ છે. ગુડા વિસ્તારમાં શહેરી વિસ્તારની જેમ સુવિધાઓ

● અનુસંધાન પાન-૭ પર

## વિચાર વાવો અને કાર્ય લણો : કલેકટર

### જિલ્લામાં ગુણાત્મક શિક્ષણ સુધારણાને પ્રોત્સાહન માટે ઈનોવેટીવ ફોર એજયુકેશન ફેરનો થયેલો પ્રારંભ : ૩૧ શિક્ષકોએ ઈનોવેટીવ પ્રોજેકટસ રજુ કર્યા ; સૌથ વધુ કલોલના આ પછી ગાંધીનગર

ગાંધીનગર, તા.૨૭

શિક્ષણ એટલે જ જિજ્ઞાસા વૃત્તિ કેળવવાનો અભિગમ. આપણે બાળકોમાં કેળવણીની સાથે સાથે જિજ્ઞાસાવૃત્તિ જગાવવાની છે અને આ બાબતે સતત સકારાત્મક પ્રવૃત્તિઓ દ્વારા તે દિશામાં આગળ વધવું પડશે તેમ જિલ્લા કલેકટરશ્રી સતીષ પટેલે આજે જિલ્લાના દ્વિતીય ઈનોવેટીવ ફોર એજયુકેશન ફેરનો પ્રારંભ કરાવતાં કહ્યું હતું.

જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે માળખાકીય સુવિધાઓ સહિતના ઘણા ઓછા પડકારો આપણી સામે છે ત્યારે જિલ્લાના શિક્ષણતંત્રને મોડેલના રૂપમાં વિકસાવવામાં સૌનો સાથ જરુરી છે.

જિલ્લાના ૩૧ જેટલા શિક્ષકોએ શિક્ષણમાં બાળકની અભિરૂચી વધે તે માટેના અમલમાં મુકેલા નવતર પ્રયોગોને બિરદાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે નવતર પ્રયોગો જે કરે છે તે કોઈ સમસ્યા કે હેતુ આધારિત હોય છે કોઈ પણ સમસ્યાનું નિવારણ કે હેતુ સિધ્ધિ માટે નવો વિચાર એ પહેલું પગથિયું છે એટલે જ કહેવાય છે કે વિચાર વાવો અને કાર્ય લણો.

બે દિવસીય આ ઈનોવેટીવ ફોર એજયુકેશન ફેરના પ્રથમ દિવસે ૨૫૦થી વધુ શિક્ષકોએ મુલાકાત લઈ અનેક પ્રયોગો નિહાળ્યા હતા. ઈનોવેટીવ ફેરમાં કુલ ૩૧ કૃતિ રજુ થઈ છે. જેમાં કલોલની ૧૪, ગાંધીનગરની ૮, માણસાની ૩ અને દહેગામની ૬ કૃતિનો સમાવેશ થાય છે.

આ ઈનોવેટીવ ફોર એજયુકેશન ફેરનું જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડે મંગલદીપ પ્રગટાવી પ્રારંભ કરાવ્યો હતો.

આજના આ ઉદઘાટન સમારોહમાં જીસીઆરટીના નિયામક શ્રી ટી.એચ. જોષી, જિલ્લા પ્રા. શિ. અધિકારી શ્રી રાઠોડ, પંચાયતની શિક્ષણ શાળાના અધિકારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ટેકનોલોજી અને વર્તમાન શિક્ષણ પ્રથાને લઈ આજે રજુ કરાયેલા પ્રોજેકટ શિક્ષકોને વધુ પસંદ આવ્યા હતા. બાળકોમાં વાંચન વૃત્તિ વૃધ્ધિ માટેના પ્રોજેકટસ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. કલોલ શહેરમાં સૌથી વધુ ઈનોવેટીવ પ્રોજેકટસ થયા છે. ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા પ્રા. શાળાના રાકેશ પટેલે પ્રોજેકટર અને ઈન્ટરનેટ દ્વારા શિક્ષણ, ફતેપુરા પ્રાથમિક શાળાના શિક્ષક નિતીન પટેલે બાળકોની ગેરહાજરી ઘટાડવા માટેના ઉપાય, વડલીપરાના રમીલાબેન પટેલે શબ્દભંડોળ વૃધ્ધિ, સરગાસણની ચંદ્રિકા પટેલે સુટેવોના ઘડતરના ઈનોવેટીવ પ્રોજેકટસ રજુ કર્યા હતા.


**દુકાનો વેચવાની છે**

રીટેલ ધંધા માટે ખુબ જ મોકાની રોડ સાઈડ, ૧૧૦૦ ચો. ફુટ ભોયતળીયે તથા ૨૨૦૦ ચોરસ ફુટ, પહેલા માળે, ડી-માર્ટની સામે સરદાર પટેલ સ્ટેચ્યુ નજીક, વલ્લભ વિદ્યાનગર, આણંદ

**બંગલો વેચવાનો છે**

4 BHK ફ્રિઝ, ફર્નિચર, A.C.,
ગેસ લાઈન સાથે
૯, તૃપ્તિ બંગ્લોઝ, અક્ષરફાર્મની બાજુમાં, બિગ બજારની પાછળ,
ગોપી-વિદ્યાનગર રોડ, આણંદ
**Mo. 9427223669,**
સમય સવારે ૧૦થી સાંજે ૭

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની અંજલિ**



**સ્વ. સોનલ પંકજકુમાર શુક્લ**
સ્વર્ગવાસ તા. ૨૮/૨/૨૦૧૬

હૃદયના ઘા કદી રૂઝાશે નહીં,
મૃત્યુના આંસુ કદી સુકાશે નહી,
સમય તો વિતતો રહેશે,
પણ આપની યાદ અકબંધ રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
બળવંતરાય જે. શુક્લ — જયાબેન બી. શુક્લ
પંકજભાઈ બી. શુક્લ
મુકેશભાઈ બી. શુક્લ — નિલા એમ. શુક્લ (નગર સેવિકા-મનપા, ગાંધીનગર)
વિધી પી. ત્રિવેદી — પ્રિયાંક કે. ત્રિવેદી


www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com